૬

અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાની શિષ્યવૃત્તિની યોજનાઓના ઓનલાઇન અમલીકરણ માટે NIC, ગાંધીનગર ખાતે કોન્ટ્રાકચ્યુઅલ મેનપાવર મેળવવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:-મકમ/૧૦૨૦૨૦/૧૧/જ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:-૧૬/03/૨૦૨૨

વંચાણે લીધા-

(૧) વિભાગનો સરખા ક્રમાંકનો તા:૦૪/૦૧/૨૦૨૨નો ઠરાવ

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૦૪/03/૨૦૨૨નો પત્ર ક્રમાંક:અજાક/ગ-૧/૫/૨૧-૨૨/૨૨૨૮

આમુખ:

વંચાણે લીધેલ ક્રમાંક-૧ પર દર્શાવેલ વિભાગના તા:૦૪/૦૧/૨૦૨૨ના ઠરાવથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હેઠળની પ્રિ-મેટ્રીક અને પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિની યોજનાઓનો ડિજિટલ ગુજરાત પોર્ટલ પર ઓનલાઇન અમલીકરણ માટે NIC, ગાંધીનગર ખાતે .NET Technology સ્કીલ ધરાવતા ૦૧ સીનીયર પ્રોગ્રામર અને ૦૧ પ્રોગ્રામર એમ કુલ ૦૨ જગ્યા ઉપર કોન્ટ્રાકચ્યુઅલ મેનપવાર જાન્યુઆરી-૨૦૨૨થી ડિસેમ્બર-૨૦૨૨ સુધીના સમયગાળા માટે iNDEXTb પાસેથી મેળવવા મંજૂરી આપેલ હતી.

વંચાણે લીધેલ ક્રમાંક-૨ પર દર્શાવેલ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા:૦૪/03/૨૦૨૨ના પત્રથી વિભાગના તા:૦૪/૦૧/૨૦૨૨ના ઠરાવથી મંજૂર કરેલ ૦૧ સીનીયર પ્રોગ્રામર અને ૦૧ પ્રોગ્રામર એમ કુલ ૦૨ કોન્ટ્રાકચ્યુઅલ મેનપવારની સેવા iNDEXTb દ્વારા સુધારેલ દરે માર્ચ-૨૦૨૨થી ડિસેમ્બર-૨૦૨૨ સુધી મેળવવા દરખાસ્ત કરેલ છે.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે, નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે અમલિત કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકારની પ્રિ-મેટ્રીક તથા પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિની યોજનાઓના ડિજિટલ ગુજરાત પોર્ટલ પર ઓનલાઇન અમલીકરણ માટે નેશનલ ઇનફોર્મેટીકસ સેન્ટર, ગાંધીનગર ખાતે .NET Technology સ્કીલ ધરાવતા ૦૧ સીનીયર પ્રોગ્રામર અને ૦૧ પ્રોગ્રામર એમ કુલ ૦૨ પ્રોગ્રામરની કરાર આધારિત સેવા iNDEXTb પાસેથી માર્ચ-૨૦૨૨ થી ડીસેમ્બર-૨૦૨૨ સુધી નીચે મુજબના સુધારેલ દરે લેવાની મંજૂરી નીચેની શરતોને આધીન આપવામાં આવે છે:-

| ક્ર | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | અનુભવ | માસિક મહેનતાણું (Rate exclusive of Tax) |
|---|---|---|---|---|
| ૧ | સીનીયર પ્રોગ્રામર | ૧ | ૦૫ વર્ષનો અનુભવ | રૂ. ૧,૦૩,૫૦૦/- |
| ૨ | પ્રોગ્રામર | ૧ | ૦૨ વર્ષનો અનુભવ | રૂ. ૪૭,૦૯૩/- |

શરતો:-

(૧) આ મેનપાવર અંગેનો ખર્ચ ભારત સરકાર દ્વારા પોસ્ટમેટ્રિક શિષ્યવૃત્તિ યોજના અંતગર્ત ૨૦૨૧-૨૨માં ફાળવેલ વહીવટી ખર્ચ અંગેની ગ્રાન્ટમાંથી કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ની તા.૧૪/૦૩/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દિગ્વિજયસિંહ કુંપાવત)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

નકલ રવાના:-

(૧) અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા)ના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
(૩) જિલ્લા તિજોરી અધિકારી, ગાંધીનગર
(૪) પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
(૫) સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૬) સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૭) સિલેક્ટ ફાઈલ-૨૦૨૨.